ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૩-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રવાહી રાજકારણમાં મોદીનું પલ્લું ભારે

આસામ ગણપરિષદ ભલે રાજકીય મંચ પર ઝાઝું વજૂદ ન ધરાવતી હોય પરંતુ એ ન ભૂલવું જોઈએ કે કયારેક પ્રફુલ્લ મહંતોના નેતૃત્વ હેઠળ સ્થપાયેલ આ યુવકોના પક્ષે આસામમાં સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર બનાવી હતી. આસામ જેવા પૂર્વોત્તર ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટીને આવકાર મળે તે મોદીના કરિશ્માઈ નેતૃત્વની જ બલિહારી છે. આસામ ગણ પરિષદના બે અગ્રણીઓ ભાજપમાં દાખલ થતા હોય કે ખુદ ભાજપ વરિષ્ઠ નેતાઓ મોદી ખાતર પોતાની પરંપરાગત બેઠકનું બલિદાન આપવા તૈયાર થઈ ગયા હોય ત્યારે એટલું જ તારણ નીકળે કે મોદીનું પલ્લું દિનપ્રતિદિન વધુને વધુ ભારે થઈ રહ્યું છે. હરિયાણાના કદાવર બ્રાહ્મણ નેતા પંડિત વિનોદ શર્માએ કોંગ્રેસ છોડીને પોતે મોદીનું સમર્થન કરવાના હોવાથી જાહેરાત કરી છે. વિનોદ શર્માએ છેલ્લા ઘણા દિવસોથી હરિયાણાનાં છસ્સોથી વધારે ગામોમાં જનચેતના રેલી યોજ્યા પછી કુરુક્ષેત્રમાં આ મતલબની જાહેરાત કરી છે. પંજાબમાં અકાલીદળના ટેકાથી ચૂંટણી લડનાર ભારતીય જનતા પાર્ટીને હરિયાણામાં કોઈ મજબૂત ખભાની તલાશ હતી. તેને દેવીલાલના વારસા ચૌટાલાના પક્ષનો સહયોગ જરૂર છે પરંતુ ચૌટાલા સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો છે અને પિતાપુત્ર જેલની હવા ખાઈ રહ્યા છે. ભાજપ માટે પોતે 'સ્વચ્છ' ઉમેદવારો મૂકનારી પાર્ટી તરીકે ઓળખ જાળવી રાખવી મુશ્કેલ બની રહ્યું છે. ઉત્તરપ્રદેશના ભાજપ અધ્યક્ષ લક્ષ્મીકાંત વાજપેયીએ મુઝફ્ફરનગર રમખાણોમાં સામેલ ધારાસભ્યોને લોકસભાની ચૂંટણીમાં ઉતારવાની દરખાસ્ત કરી છે. ભાજપ આવા ઉમેદવારોને મેદાનમાં ઉતારશે તો સ્વાભાવિક રીતે જ એનો હિંદુત્વવાદી ચહેરો ઉજાગર થશે પરંતુ સામે પક્ષે 'સદ્‌ભાવના' હવાઈ જશે. મોદી વારાણસીથી ચૂંટણી લડાવવા પાછળ પણ પાર્ટીનો છૂપો ઉદ્દેશ તો હિંદુત્વનો સંદેશ રમતો મૂકવાનો જ છે. બિહાર અને ઉત્તરપ્રદેશમાં હિંદુત્વનું આ મોજું ભાજપની સ્થિતિમાં સુધારો આણી શકે છે. મોદીએ બિહાર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જ્યાં મુખ્યમંત્રી નીતીશ કુમાર ઉપરાંત રાષ્ટ્રીય લોકદળના નેતા લાલુપ્રસાદ યાદવ સામે ભારતીય જનતા પાર્ટીએ એની સાથે જોડાયેલ દલિત નેતા રામવિસાલ પાસવાનની પાર્ટી લોકજનશક્તિ પાર્ટીના સહયોગથી હિસાબ સરભર કરવાનો છે. મહારાષ્ટ્રમાં બાળા સાહેબ ઠાકરે 'શિવસેના' બે ફાડિયામાં વહેંચાઈ ગઈ છે. કટ્ટર પ્રદેશવાદી રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે જોડાણ કરવા માગતા ભાજપને શિવસેનાના રોષનો ભોગ બનવું પડ્યું છે. પરંતુ ચતુર ગડકરીએ મનસે સાથે અંદરખાને હાથ મિલાવી દઈ ભાજપ સામે નબળા ઉમેદવારો મૂકવા એમને સહમત કરી દીધા છે. મનસે પ્રમુખે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના આઠમા સ્થાપના દિવસે જ ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધા છે અને સ્પષ્ટતા કરી છે કે પોતે અને મનસેના ચૂંટાયેલા સાંસદો મોદીને વડાપ્રધાનપદે બેસાડવામાં મદદ કરશે. આમ, મોદીને વડાપ્રધાનપદ માટે દેશભરમાંથી તૂટક-છૂટક તો કયાંક જથ્થાબંધ ટેકો સાંપડી રહ્યો છે. કોંગ્રેસનું કુટુંબ વિખેરાઈ રહ્યું છે. અલબત્ત, એના સાથી પક્ષો પૈકી લાલુ યાદવના રાષ્ટ્રીય જનતા દળ અને અજિતસિંહના રાષ્ટ્રીય લોકદળ જેવા પક્ષોને પોતાનું ઊજળું ભાવિ દેખાઈ રહ્યું છે. વિવાદાસ્પદ નેતા અમરસિંહ અને અભિનેત્રી જયાપ્રદા સમાજવાદી પાર્ટીમાં કયારેક ખૂબ મોખરાનું સ્થાન ધરાવતાં હતાં. આઝમખાન અને રામગોપાલ યાદવ જેવા મુલાયમસિંહના સલાહકારોએ એમનું મહત્વ ઘટાડી દેતાં અમરસિંહ રાજકીય અરણ્યવાસમાં ધકેલાઈ ગયા હતા. હવે આગામી ચૂંટણીમાં તેઓ ફતેહપુર સિક્રીની બેઠક પરથી અને જયાપ્રદા બિજનોરની બેઠક પરથી અજિતસિંહના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકદળનાં ઉમેદવારો તરીકે ચૂંટણી લડશે. પ્રવાહી બની ગયેલા રાજકીય વાતાવરણમાં કેજરીવાલ ફેકટર પણ નજરઅંદાજ કરી શકાય તેવો નથી. પરંતુ સેન્સેકસના ઉછાળામાં સૌથી વધુ શ્રેય તો મોદી ફેકટરને જ અપાઈ રહ્યું છે!

# ધો. ૧૦-૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધાયેલો ઘટાડો

### સંખ્યા ઘટાડો ચાલુ રહેવાના અણસાર, શાળા-કોલેજોને થનારી વ્યાપક અસર

ગાંધીનગર, તા. ૧૦

દર વર્ષે માર્ચ માસમાં ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થયા પહેલાં વિદ્યાર્થીઓના આંકડા બહાર આવે છે. જેમાં પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લા ત્રણેક વર્ષથી સતત ઘટતી આવી છે. જે બાબતને તાર્કિક રીતે અને વર્ષો સાથે ગણિત કરતાં સંખ્યા ઘટાડાનું મૂળ કુટુંબ નિયોજનના અમલમાં આવેલા કાયદા સાથે બંધ બેસે છે. બે બાળક બસના કુટુંબ નિયોજન કાયદાના શરૂ થયેલા અમલ પછી હાલ તેના પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓની ઘટ જોવા મળી રહી છે.

રાજ્યમાં ધો. ૧૦ અને ધો. ૧૨ની આગામી ૧૩મી માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થનાર છે. આ બોર્ડ પરીક્ષામાં ધો. ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૫૦૨૪ વિદ્યાર્થીઓ, સામાન્ય પ્રવાહમાં ૧૨૬૯૯ વિદ્યાર્થીઓ જ્યારે ધો. ૧૦માં કુલ ૨૯૪૯૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. ગત વર્ષે આ સંખ્યામાં કુલ ૨૭૭૨ વિદ્યાર્થીઓ વધારે હતા જે ચાલુ વર્ષે આ ઘટ જોવા મળી છે.

પ્રાપ્ત વિગતોનુસાર જ્યારે વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ તેમના શાસનકાળ દરમ્યાન કુટુંબનિયોજનનો કાયદો અમલી બનાવી તેની અમલવારી માટે સફળ પ્રયત્નો કર્યા હતા. જેને લગભગ ૨૪ વર્ષ જેટલો સમય વિતી ગયો છે અને શિક્ષિત વર્ગ તથા સમજદાર વર્ગે કરેલો અમલ તેના પરિણામ ઉપર આવ્યો છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષથી ધો. ૧૦-૧૨ના બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાતો જ ગયો છે. અને આગામી સમયમાં પણ આ ઘટાડો ચાલુ રહેવાની સંભાવના ગણિતવિદો કરી રહ્યા છે.

નવી શરૂ થઈ રહેલી, ઘટેલી અને હાલમાં કાર્યરત એવી શાળા-કોલેજોમાં આગામી સમયમાં આ ઘટાડાની વ્યાપક અસર જોવા મળનાર છે. ત્યારે આ અંગેની ગંભીરતા ધ્યાને લઈ હાલમાં પગલા લેવાવા જોઈએ તેવું લાગી રહ્યું છે.

## હરિની દૃષ્ટિ...



સાહેબ, આ લોકો રોડની માંગ કરે છે, કહે છે, અમારે કોઇ માંગ પુરી ન થાય તો, રોડ રોકો આંદોલન કરવા ગામમાં રોડ હોય તો કામ લાગે....!!

## બી.પી. કોલેજ ઓફ બીબીએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ૫ થી ૭ લાખના વાર્ષિક પેકેજની ઓફર

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ તા. ૯મી માર્ચે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ અને પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૩ દરમ્યાનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચથી સાત લાખના પેકેજ ઓફર કરાયા હતા.

એક તરફ જ્યાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે નોકરીઓ નથી તેવા દેકારાઓ ચાલી રહ્યા છે ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય તેની ઉચ્ચ ગુણવત્તા દ્વારા તેના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ કારકિર્દીની તકો સર્જવામાં નામના મેળવી રહી છે. અત્રે યોજાયેલા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સમારંભ અને પ્લેસમેન્ટ કાર્યક્રમમાં નામાંકિત બેંકો જેવી કે એક્સિસ, એચડીએફસી, કોટેક મહિન્દ્રા ઉપરાંત એરટેલ ડીટીએસના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચથી સાત લાખના પેકેજો ઓફર કરાતા વિદ્યાર્થીઓ અને સંસ્થાના સંચાલકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો હતો.

લગભગ ૩૦૦ થી વધુ એલ્યુમ્ની વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારંભમાં કોલેજના દરેક એલ્યુમ્ની વિદ્યાર્થીની વિગતવાર માહિતી કોલેજના વાર્ષિક અંકમાં પ્રકાશિત કરી દરેક વિદ્યાર્થી સુધી પહોંચાડવાનો સંકલ્પ કરાયો હતો. આ એલ્યુમ્ની વિદ્યાર્થીઓમાં અત્યારે બિઝનેસ, વીમા કંપની, બેંકિંગ જેવા પ્રાઈવેટ તેમજ સરકારી ક્ષેત્રોમાં અને વ્યવસાયિક ક્ષેત્ર તથા સ્ટોક માર્કેટ સહિત વિદેશોમાં પણ પોતાનું સ્થાન બનાવેલ વિદ્યાર્થીઓ સામેલ હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીએ વિદ્યાર્થીઓને આવકારી સંસ્થા અંગે તલસ્પર્શી માહિતી આપી હતી, જ્યારે સિનીયર ફેકલ્ટી ડૉ. જયેશ તન્નાએ સંસ્થાના વિદ્યાર્થીઓ ક્યારેય જોબલેસ નહિ રહે તેવો વિશ્વાસ વ્યક્ત કરી એલ્યુમ્ની એસોસિએશનને મજબૂત કરવાનો અભિપ્રાય આપ્યો હતો.



## બોર્ડની પરીક્ષામાં સફળતા માટે કોલવડાની શાળામાં ગાયત્રી યજ્ઞ કરાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં શાળાના આચાર્યા શ્રીમતિ ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ના એસએસસીના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં જવલંત સફળતા મળે તે હેતુથી ત્રણ કુંડીય ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજનો દ્વારા આ યજ્ઞમાં આહુતિઓ આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ યજ્ઞકાર્યમાં ધોરણ-૧૦ના ૧૫૦ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકગણે પણ આહુતિ આપી પૂજા-અર્ચના કરી હતી.

## કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના કોલવડા ખાતે આવેલ કે.કે. પટેલ વિદ્યાલયના ધોરણ-૧૦ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં સારા પ્રદર્શન માટે શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ઉત્તર ગુજરાત વિજકંપનીના કાર્યપાલક ઈજનેર ઘનશ્યાભાઈ પટેલે હાજરી આપી હતી.

આ શુભેચ્છા સમારંભમાં કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ રતનસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને નાના છોડ સાથે સરખાવી તેઓ પૂર્ણ વિકાસ પામી સફળતાનું વૃક્ષ બનીને ફળ આપશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ સમારંભમાં કેળવણી મંડળના વર્તમાન પ્રમુખ અને મંત્રી સહિત શાળા પરિવારના સભ્યોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને તેમની દસ વર્ષની મહેનતનું ફળ બોર્ડની પરીક્ષા દ્વારા મળશે તે માટે પ્રોત્સાહિત કરાયા હતા. તેમજ બોર્ડની પરીક્ષાને જીવનપથમાં પ્રગતિનું પ્રથમ પગથિયું હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ શાળા પરિવારનો ગદગદિત કંઠે આભાર માન્યો હતો.

## આજે વિદ્યાર્થીઓ શાળામાં જઈ બેઠક વ્યવસ્થાને જોશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો આગામી તારીખ ૧૩ માર્ચથી આરંભ થઈ રહ્યો છે. ત્યારે આ પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ આવતીકાલે વર્ગખંડમાં જઈને પોતાની બેઠક વ્યવસ્થા નિહાળી શકશે. અમદાવાદમાં વિદ્યાર્થીઓને બેઠક વ્યવસ્થા જોવા માટે આ વખતે પહેલી વખત તેમના વર્ગખંડની બેંચ સુધી જવાની મંજુરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી માત્ર પરીક્ષા સ્થળના કેમ્પસમાં લગાડેલ બેઠક વ્યવસ્થાની નોટીસ નીરખવાની જ મંજુરી આપવામાં આવતી હતી. પ્રાપ્ત થતી માહીતી મુજબ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો બુધવારથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તેના એક દિવસ અગાઉ એટલે કે આવતીકાલે પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જઈને પોતાની બેઠક વ્યવસ્થા નિહાળવાની મંજુરી આપવામાં આવી છે.



ગાંધીનગર સેવાકીય સંસ્થાઓથી ધમધમતું નગર છે. રોજ કયાંક ને કયાંક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલતી જ રહે છે. રવિવારે કૈલાસધામ વૃધ્ધાશ્રમ પેથાપુર ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની બહેનો દ્વારા પંચાવન જેટલી વૃધ્ધાઓને સાડીઓ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## યુગો યુગોથી આકર્ષણ ધરાવતી ધાતુ એટલે 'સોનુ'

# 'સુવર્ણ' જેને ધારણ કરવાથી માણસનો વર્ણ (વાન) બદલાઈ જાય એટલે સુવર્ણ

સર્વ ધાતુઓમાં શ્રેષ્ઠ સુવર્ણને ગણવામાં આવી છે. તેના પાછળના અનેક કારણો છે. સુવર્ણ ધારણ કરવાથી માણસનો વર્ણ રૂપ બદલાઈ જાય છે સાથે સાથે જોનારને આકર્ષણ ઊભું કરે છે. સર્વ ધાતુઓમાં સોનુ ગુરૂત્તમ (વધુ) ઘનતા ધરાવે છે. એટલે કે તે વજનદાર છે. પાણી કરતાં ૧૯-૩૨ ઘણું વધુ ભારે છે.

(૧) સુવર્ણ ધારણ કરવાથી શરીરમાં ઉત્પન્ન થતી નકારાત્મક ઊર્જા શોષી તે તેને બહાર ફેંકી દે છે. અને બહારથી હકારાત્મ ઊર્જા શોષી શરીરને પૂરી પાડે છે. એટલે કે તે સુપર કંટકટર છે. વીજભારની ઉત્તમ વાહક ધાતુ છે.

(૨) સુવર્ણ શીરને રોગ પ્રતિકારક શક્તિ પણ પૂરી પાડે છે.

(૩) રત્નો-હીરો, ગુરુ, મંગળ, બુધ, શનિ જેવા ગ્રહોના નંગને સોનામાં મઢીને ધારણ કરવાથી બ્રહ્માંડના ઉપરોક્ત ગ્રહોના ન દેખાતા કિરણો, ઊર્જા નંગના માધ્યમથી ઝીલાઈ સોના મારફતે શરીરને પ્રાપ્ત થાય છે. જે શરીર-મન અને બુદ્ધિને ઊર્જા પૂરી પાડે છે અને હકારાત્મકતા અને શુદ્ધ તથા સારા વિચારો પ્રદાન કરે છે. જેમ ડીશ એન્ટેના ટી.વી. અવકાશમાં ન દેખાતા કિરણો ઝીલી ટી.વી.માં પીકચર લાવે છે તેવી જ રીતે નંગો પણ શરીર અને આત્માને સોનાના માધ્યમથી પોઝીટીવ ઊર્જા પૂરી પાડે છે.

(૪) સુવર્ણ ધારણ કરવાથી તે હાથ વગી (ઓનહેન્ડ)એફ.ડી. (ફીકસ્ ડિપોઝીટનું કામ કરે છે તેને ગમે ત્યાં ગમે ત્યારે કેશ કરાવી શકાય છે. એટલે કે અગાઉ તે એટીએમ જેવી ધાતુ હતી અને હાલ પણ છે અને રહેશે. જે નાણાંનો વિકલ્પ છે.

(૫) સ્ત્રી માટે સોનું ધારણ કરવું ફક્ત શણગાર સુધી સિમિત ન રહેતા તે સ્ત્રીને હકારાત્મક ઊર્જા આપી આકર્ષણ ઊભું કરે છે જે દામ્પત્ય જીવન માટે મહત્વનું છે. સાથે સાથે સ્ત્રીને માનસિક સધ્ધરતા અને હૂંફ પણ આપે છે કે મારી પાસે આટલા તોલા સોનું છે તે વિચાર ગમે ત્યારે મુશ્કેલીનો સામનો કરવા મદદરૂપ થશે. સોનાની મેડીસીનલ વેલ્યુ પણ ઓછી નથી. સોનાની ભસ્મ, સુવર્ણ જળ વિગેરે મહારોગ અને અસાધ્ય બિમારીઓમાં પણ એટલું જ ઉપયોગી છે. જેમ વધુ સંપુટ કરેલી સુવર્ણ ભસ્મ તેમ તેની વધુ કિંમત ગણાય છે.

સુવર્ણ ભસ્મ, કેન્સર, ફેફસાં સંબંધી બિમારીઓમાં ઉત્તમ પરિણામ લાવે છે. તેને યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી અને લેવાથી દેહક્રાન્તિ આવે છે.

આપણા શરીરના બંધારણમાં નજીવી માત્રામાં સુવર્ણ ધાતુ પણ હોય છે. આમ સુવર્ણ આયુર્વેદિક દવાઓની બનાવટમાં વપરાય છે. ઉપરાંત મીઠાઈઓમાં સોના-ચાંદીના વરખ આકર્ષક દેખાવ તથા સ્વાસ્થ્ય વર્ધક તરીકે પણ ખવાય છે.

સોનાનું બંધારણ એ મુજબનું હોય છે જે અન્ય ધાતુની સરખામણીમાં વિશિષ્ટ છે જેથી સોનુ સર્વ ધાતુઓમાં શ્રેષ્ઠ, કિંમતી અને મુલ્યવાન છે. બધી જ ધાતુઓને વાયુમંડળની અસર થાય છે. અને ઝાંખી પડે છે. પણ સુવર્ણને વાતાવરણ પણ અસર કરતું નથી. તેની ચમક બરકરાર રહે છે. તેની ઘનતા ૧૯-૩૨ છે જે પાણી કરતાં ભારે છે. કેમીકલના એ.યુ. છે. જે ૭૯૭૯ ઈલેક્ટ્રોન-પ્રોટ્રોન ધરાવે છે. એનર્જી લેવલના ૬ વલય અનુક્રમે ૨,૮,૧૮,૩૨,૧૮ અને ૧ છે. સોનું ધારણ કરવાથી, અગર હીરા-મોતી-માણેક- પુખરાજ જેવા નંગોમાં પહેરવાથી માણસને ઉન્નત વિચારો, પરમશાંતિ, વિચારોની સાત્વિકતા અને શાંતિ મળે છે. જેનાથી શરીરની નકારાત્મક ઊર્જા, વિચારોનો નાશ થાય છે અને વાતાવરણમાં ઉત્સર્જન પામે છે. ઊર્જા પ્રાપ્ત થાય છે. તે ધારણ કરનારને શાંતિ, સંતોષ અને સન્મતિ મળે છે. જે ઊર્જા ઉધ્વગામી છે અને જીવનને આગળ અને ઊંચાઈ તરફ લઈ જાય છે જેનાથી પરમશાંતિની અનુભૂતિ અને આત્મવિશ્વાસની વૃદ્ધિ થાય છે. જે વ્યક્તિને સુખશાંતિ પૂરી પાડે છે. આમ સુવર્ણ એ સામાન્ય ધાતુ નથી પણ સર્વ પ્રકારે કલ્યાણકારી છે. માટે જ તે સર્વ ધાતુઓમાં શ્રેષ્ઠ મુલ્યવાન અને આરોગ્યપ્રદ છે. તેમજ સમૃદ્ધિનું પ્રતિક છે. એટલે જ ગુરુપુષ્ય નક્ષત્ર, રવિ પુષ્પનક્ષત્રોમાં શાસ્ત્રો અનુસાર લોકો યથાશક્તિ સોનું ખરીદી લક્ષ્મીકૃપા સદાય બની રહે તેવા પ્રયત્નો કરતા હોય છે.

તો ચાલો આપણે પણ સોનાને દાગીના પૂરતો સિમિત ન રાખી તે શણગાર, સ્વાસ્થ્ય વર્ધક, ઊર્જા પૂરી પાડનાર અને આફતમાં એટીએમ (થાપણ) રૂપ ઉત્તમ ધાતુને યથાશક્તિ ધારણ કરી જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો અહેસાસ અને અનુભૂતિ કરીએ.

**વિશેષમાં**

૧ ગ્રામ સોનામાંથી એક સ્કવેર મીટર સોનું પતરૂ (વરખ) બનાવી શકાય છે. આમ મિઠાઈને આરોગ્યવર્ધક અને આકર્ષક બનાવવા સોના અને ચાંદીના વરખ માવા વિગેરેની મિઠાઈઓ ઉપર ચોપડી ખાવામાં વપરાય છે.

માન સન્માન માટે પણ સોનાનો ઉપયોગ પ્રથમ અર્થાત શ્રેષ્ઠ સર્વશ્રેષ્ઠ 'ગોલ્ડ મોડલ' આપી સન્માનિત કરવામાં આવે છે. આમ વ્યક્તિની સફળતા અને ઉત્તમકાર્યને બિરદાવવા પણ સોનાનો ઉપયોગ કરવામાં આવે છે. તેવી જ રીતે સગાઈની વીટીં 'વેડીંગ રીંગ' પણ સોનાની બનાવવામાં આવે છે. જેનું કારણ, લગ્નજીવન લાંબા સમય ટકી રહે, સોના જેવી જીવનમાં ચમક થાય. પ્રેમ જળવાઈ રહે તે ઉદ્દેશથી જ સોનાની વેડીંગ રીંગ અરસપરસ પહેરાવવામાં આવે છે.

સર્વે વાચકોના જીવનમાં સોનાનો સૂરજ ઉગે તેવી અભ્યર્થના.. અસ્તુ.

*- બી. એન. બારોટ*

# મહિલા દિને ગાંધીનગરમાં બેટી ભ્રુણ હત્યા વિષય પર સેમિનાર યોજાયો

### દિલ્હીની સંસ્થા લેટ લીવ ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા દિવસે બેટી બચાવો અભિયાન અંતર્ગત ખાસ આયોજન

ગાંધીનગર, તા. ૧૦

આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ નિમિત્તે બેટી બચાવો અભિયાન અંતર્ગત દિલ્હીની સંસ્થા લેટ લીવ ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૧૭ની સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં 'બેટી ભ્રુણ હત્યા' વિષય પર એક રાષ્ટ્રિય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહિલાઓને જાતિ ગર્ભપાત કરાવવાથી તેમના સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરો અંગે જાગૃતિ કેળવવા અને સામાજિક ખરાબીઓની સામે જાગૃરૂકતા ફેલાવવાના આશયથી યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં ગાંધીનગર શહેરના મેયર મહેન્દ્રસિંહ રાણા, દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને અખિલ વિશ્વ ગૌ સંવર્ધન સેવા ટ્રસ્ટના આંતરરાષ્ટ્રિય પ્રમુખ સ્વામી અવધૂત રામાયણજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા મહિલા ગાયનેક ડૉ. નીતા શેખાત, ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક અને યોગ નિષ્ણાંત ડૉ. આરતીબેન પટેલ તેમજ સ્વાસ્થ્ય અને શિક્ષણ અંગેના કલ્સલન્ટ ડૉ. વિનુભાઈ પટેલે સેમિનારમાં ઉપસ્થિત તમામ લોકોને બેટી ભ્રુણ હત્યા અને તેનાથી થતા ગેરફાયદા અંગે વિસ્તારથી સમજાવ્યા હતા. આ સેમિનારમાં ભાગ લેવા આવેલી મહિલાઓ અને તેમના કુટુંબીજનોને દેશની કાનુની વ્યવસ્થા અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

ગુજરાત રાજ્યમાં દર ૧૦૦૦ પુરૂષોની સામે માત્ર ૯૧૮ મહિલા હોવાનો જાતિદર પ્રવર્તમાન છે જે રાષ્ટ્રિય ટકાવારીથી ઘણો ઓછો હોવાથી લેટ લીવ ફાઉન્ડેશન દ્વારા આ સેમિનારનું ખાસ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસે આયોજન કરાયું હતું. છેલ્લા ૩ વર્ષથી સમગ્ર ભારતમાં અલગ અલગ રાજ્યોમાં લગભગ ૧૨ થી પણ વધારે સેમિનાર યોજીને બેટી બચાવો અભિયાન આ સંસ્થા દ્વારા ચલાવાઈ રહ્યું છે. આ અભિયાન અંગે સમાજના દરેક વર્ગને જાણવાની સોનેરી તક આ સેમિનાર દ્વારા પુરી પડાઈ હતી. આજના સમયમાં મહિલાઓ રાષ્ટ્રના વિકાસમાં ખૂબજ સક્રિય ભૂમિકા ભજવી રહી હોવાથી બેચી બચાવીને પુણ્યના કામમાં ભાગીદાર બનવા આ સેમિનારમાં હાંકલ કરાઈ હતી.

## આજથી આર્ટ ઓફ લીવીંગનો હેપીનેસ પ્રોગ્રામ

ગાંધીનગર, તા.૧૦

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮ વર્ષથી વધુ ઉંમર માટે તા. ૧૧ માર્ચથી ૧૬ માર્ચ દરમિયાન સાંજે ૬ થી ૯.૩૦ કલાક સુધી મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ સેકટર-૧૧ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતો દૂર કરવી, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ જેવી વિવિધ ક્રિયાઓ શિબિરમાં શિખવાડવામાં આવશે.



ગાંધીનગરના અગ્રણી લેખક શ્રી શિવશંકરભાઈ દવે લિખિત અને સંપાદિત 'સંત સ્મરણ' પુસ્તકનું વિમોચન તાજેતરમાં જોટાણા ખાતે કરવામાં આવ્યું હતું. જોટાણાની શ્રી રામ સર્વ વિદ્યાલયમાં જોટાણાના અગ્રણી કેળવણીકાર શ્રી અમૃતભાઈ પટેલ અને શ્રી રામ સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી હરીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી અમૃતભાઈ પટેલે આ અવસરે જણાવ્યું હતું કે સંતોના સ્મરણથી જીવન સુખી થાય છે. શ્રી શિવશંકર દવેએ સદ્‌વાંચનના પુસ્તકો, શ્રી રામ સર્વ વિદ્યાલય અને જાનકી કન્યા વિદ્યાલયમાં અર્પણ કરી વિદ્યાર્થીઓને વાંચન કરવા તરફ પ્રેર્યા હતા.